# નોટીસ

## મેરીટ યાદી તથા પ્રવેશ કાર્યવાહીની તારીખો

કચ્છ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્.કોલેજોમાં વર્ષ ૨૦૧૬ –૧૮ ની પ્રવેશની કાર્યવાહીની તારીખો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે.

| ક્રમ | અભ્યાસક્રમ | મેરિટ યાદી બહાર પાડવાની તારીખ | પ્રવેશ કાર્યવાહીની તારીખ | પ્રવેશ સમયે લાવવાની થતી પ્રથમ સત્રનીફી |
|---|---|---|---|---|
| ૧ | બી.એડ્. (સેલ્ફ ફાયનાન્સ) | ૧૩/૬/૨૦૧૬ | ૧૪/૬/૨૦૧૬ | ૧૫૦૦૦/– |
| | બી.એડ્. (સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ) | | | કુમાર રૂા. ૧૦૮૫/–<br>કન્યા રૂા. ૫૩૫/– |

ઉપરોકત તારીખોએ જો મેરિટમાં આવતા હોય તો ઉપરોકત વિગતે દર્શાવેલપ્રથમ સત્રની ફી ની રકમ રોકડમાં અને તમામ અસલ માર્કશીટો તથા પ્રમાણપત્રો સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં સવારે ૦૯.૦૦ કલાકે વિદ્યાર્થીએ જાતે જ હાજર રહેવું. જો વિદ્યાર્થી આ તારીખે અને સમયે હાજર નહી રહે તે વિદ્યાર્થીને પ્રવેશ લેવો નથી તેમ સમજવામાં આવશે.

સુચનાઓઃ–

(૧) પ્રવેશ માટે આવનારા ઉમેદવારોને પ્રવેશ મળવાની માત્ર સંભાવના છે. પ્રવેશ મળશે જ એમ માનવું નહિં કારણ કે કુલ બેઠકો કરતા કેટલાક ગણા વધુ ઉમેદવારોને બોલાવામાં આવેલ છે. એટલે પ્રવેશ ન મળે તો તે અંગે કોઈ મૌખિક/લેખિત ફરિયાદ સાંભળવામાં આવશે નહિ.

(૨) પ્રવેશ મળ્યા બાદ પ્રવેશ કોઈપણ સંજોગોમાં રદ થઈ શકશે નહી. તેમજ અન્યત્ર તબદીલ પણ થઈ શકશે નહી, તેથી સંસ્થા અંગે ખુબ વિચારીને ઉપલબ્ધ જગ્યાઓના આધારે અંતિમ નિર્ણય લેવો.

(૩) પ્રવેશ સમયે ધોરણ – ૧૨ થી અનુસ્નાતક કક્ષા સુધીના તમામ મુળ ગુણ પત્રકો, મુળ શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા પછાત વર્ગના હોવાનાં મુળ પ્રમાણપત્રો ફરજિયાત લાવવાના રહેશે. અન્યથા પ્રવેશ મળશે નહિ.

(૪) SEBC ના ઉમેદવારોને પ્રવેશ સમયે ક્રિમીલેયર (ઉન્નતવર્ગ) માં નથી આવતા તે મતલબનું તા.૧/૪/૨૦૧૬ પછીનું અદ્યતન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અન્યથા તેમનો પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે. તેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહિ.

(૫) પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સમયસર સ્વખર્ચે અચુક હાજર રહેવું અને સાથે પોતાનું ઓળખકાર્ડ અચુક રાખવું. પ્રવેશ કાર્યવાહી વેળા ઉપસ્થિત ન હોય તેવા કોઈ પ્રવેશાર્થીની પ્રવેશ સબંધી કોઈ રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૬) અનામત કેટેગરીના વિદ્યાર્થી કે જે જનરલ કેટેગરીમાં દર્શાવેલ મેરીટ કરતા વધુ મેરીટ ધરાવતા હોય તો તેઓએ પણ અવશ્ય હાજર રહેવું.

(૭) અધર યુનિવર્સિટીના જે વિદ્યાર્થીઓએ B.Ed. ના પ્રવેશ ફોર્મમા આ યુનિવર્સિટીનું એલીજીબીલીટી સર્ટીફિકેટ જોડેલ ન હોય તેમના પ્રવેશ ફોર્મ નિયમાનુસાર સ્વીકારવામાં આવેલ નથી.

(૮) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવા ઉપરોકત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી રોકડમાં જમા કરાવવાની રહેશે, જે વિદ્યાર્થીઓ ફી જમા નહિ કરાવે તેમને એડમિશન મળશે નહી.

(૯) ઉપરોકત તારીખોએ વિદ્યાર્થી પોતાનુ મેરીટ લીસ્ટ યુનિવર્સિટીના નોટીસબોર્ડ પરથી જોઈ શકશે.

**નોંધ :– આ શૈક્ષણિક વર્ષથી કચ્છ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્.કોલેજોમાં જીલ્લા શિક્ષણ અને તાલિમ ભવન કોલેજ,ભુજ – કચ્છ સરકારી કોલેજનો પણ સમાવેશ થયેલ છે.**

ઈ.ચા.કુલસચિવ